ડો.આંબેડકર ભવન, જિ.નવસારીના મકાનના મરામતકામોના ખર્ચઅંદાજોને વહીવટી મંજૂરી આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2024/2699/G
સચિવાલય, ગાંધીનગર
તા. /૦૪/૨૦૨૫

**વંચાણે લિધા:**

(૧) નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીનો પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૪/૬૪૦૬-૦૯ તા.૦૮/૧૦/૨૦૨૪

**આમુખ:**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ દ્વારા ભારતના બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરની સ્મૃતિમાં રાજ્યના વિવિધ જિલ્લાઓ ખાતે જિલ્લાસ્તરના આંબેડકરભવન બાંધવામાં આવે છે. વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરના નિયામક(અનુસૂચિત જાતિ કલ્યાણ) કચેરીના તા.૦૮/૧૦/૨૦૨૪ના પત્રથી ડો.આંબેડકર ભવન, જિ.નવસારીના મકાનમાં ટોઈલેટ રીપેરીંગ, કલરવર્ક, વોટર પ્રુફીંગ, પ્લમ્બીંગ વર્ક, ડ્રેનેજ વર્ક, પ્લીન્થ પ્રોટેક્શન, ઈલેક્ટ્રીફિકેશન વગેરે જેવી રીનોવેશનની કામગીરી માટે રૂ. ૧૧,૭૭,૬૦૦/-ના ખર્ચ અંદાજોને મંજૂરી આપવા અત્રે દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ડો.આંબેડકર ભવન, જિ.નવસારીના મકાન ખાતે મકાનમાં ટોઇલેટ રીપેરીંગ, કલરવર્ક, વોટર પ્રુફીંગ, પ્લમ્બીંગ વર્ક, ડ્રેનેજ વર્ક, પ્લીન્થ પ્રોટેક્શન, ઈલેક્ટ્રીફિકેશન વગેરે જેવી રીનોવેશનની કામગીરી માટે રૂ. ૧૧,૭૭,૬૦૦/- (અંકે રૂપિયા અગિયાર લાખ સિત્તોતેર હજાર છસ્સો પુરા)નો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી નીચેની શરતોને આધીન આપવામાં આવે છે.

(૧) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૩) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાવિભાગ દ્વારા ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ થઈ શકશે નહી. તેમજ બચત રહેતી રકમ વર્ષાંતે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક – ૯૫ આયોજન, મુખ્ય સદર – ૨૨૨૫ – અનુસૂચિત જાતિઓ , અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગ અને લઘુમતિઓનું કલ્યાણ, પેટા સદર – ૦૧ અનુસૂચિત જાતિઓનું કલ્યાણ, ગૌણ સદર – ૮૦૦ – અન્ય ખર્ચ, પેટા સદર – ૧૦, SCW-20 ડો.આંબેડકર ભવનનો નિભાવ અને વિકાસ હેઠળ કરવાનો રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા વિભાગની તા.૨૯/૦૩/૨૦૨૫ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સંતોષ વસાવા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના :

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ – ૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(સા.ન્યા.), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ, ગુજરાત

- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, જિ.નવસારી
- સંબંધિત જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ મારફત)
- સેક્શન અધિકારીશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવ વિભાગની વેબસાઈટ પર મૂકવા ની વિનંતીસહ
- સિલેક્ટ ફાઈલ ૨૦૨૫

Signature Not Verified

Signed by:SantoshKumar
Sureshbhai Vasava
Section Officer
Date:2025.04.07
15:10:48 +5:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign